## સંજેલીના મહે. પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ.સંજેલી

**રે.દિ.મુ.નં.૦૬/૨૦૨૨**

| વાદી : | | ઉ.આ.વ. | ધંધો |
|---|---|---|---|
| ૧. | પુંજાભાઈ લાલજીભાઈ ભગોરા | ૭૦ | ખેતી |
| ૨. | મંગળાભાઈ લાલજીભાઈ ભગોરા | ૬૫ | '' |
| ૩. | ભુરસીંગભાઈ લાલજીભાઈ ભગોરા | ૬૨ | '' |
| ૪. | કિડીયાભાઈ લાલજીભાઈ ભગોરા | ૫૫ | '' |
| ૫. | હડીયાભાઈ લાલજીભાઈ ભગોરા | ૫૦ | '' |
| ૬. | કાળીબેન લાલજીભાઈ ભગોરા | ૬૭ | '' |
| ૭. | શાન્તાબેન લાલજીભાઈ ભગોરા | ૬૩ | '' |
| ૮. | જગદિશભાઈ કડકીયાભાઈ ભગોરા | ૫૩ | '' |
| ૯. | ભુંડીબેન કડકીયાભાઈ ભગોરા | ૫૦ | '' |
| ૧૦. | રમીલાબેન કડકીયાભાઈ ભગોરા | ૪૮ | '' |

તમામ રહે.ચાકીસણા,તા.સંજેલી દાહોદ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદીઓ :**

| | | | |
|---|---|---|---|
| ૧. | ફાતમાબેન તે રહિમભાઈ સાઠીયાનઈ વિધવા | ૭૫ | '' |
| ૨. | ઈદ્રીશભાઈ રહીમભાઈ સાઠીયા | ૫૮ | '' |
| ૩. | રૂક્ષાબેન રહીમભાઈ સાઠીયા | ૫૨ | '' |
| ૪. | સહીદભાઈ રહીમભાઈ સાઠીયા | ૫૫ | '' |
| ૫. | સાબેરાબેન રહીમભાઈ સાઠીયા | ૪૫ | '' |

| | | | |
|---|---|---|---|
| ૬. | મુમતાજબેન ઈલ્યાસભાઈ સાઠીયા | ૩૬ | '' |
| ૭. | ફારુકબાઈ ઈલ્યાસભાઈ સાઠીયા | ૩૭ | '' |
| ૮. | વસીમભાઈ ઈલ્યાસભાઈ સાઠીયા | ૩૨ | '' |
| ૯. | તબસ્સુમબેન ઈલ્યાસભાઈ સાઠીયા | ૩૧ | '' |
| ૧૦. | ફીરોજભાઈ ઈલ્યાસભાઈ સાઠીયા | ૨૮ | '' |
| ૧૧. | તસ્લીમબેન ઈલ્યાસભાઈ સાઠીયા | ૪૦ | '' |
| ૧૨. | મકસુદાબેન ઈલ્યાસભાઈ સાઠીયા | ૫૮ | '' |

તમામ રહે.ચાકીસણા,તા.સંજેલી દાહોદ

**વાદીઓ તરફે :– વિ.વ.શ્રી આર.બી.ભાવસાર**
**પ્રતિવાદીઓ તરફે :– વિ.વ.શ્રી આર.પી.ચૌધરી**

## –:: <u>આંક–પ લગત હુકમ</u> ::–

(૧) આ કામના વાદી એ દાવાના આખરી નિકાલ થતા સુધી વચગાળાના મનાઈ હુકમની અરજ ગુજારેલ છે જેની હકીકત એવી છે કે,

(૧.૧) આ કામના વાદીઓની સંયુકત માલીકી કબજા ભોગવટાની ખેતીની જમીન મોજે ચાકીસણા તા.સંજેલી જી.દાહોદમાં ખાતા નં. ૧૩૪ ની રે.સ.નં. ૨૭,૩૧,૪૯,૫૦,૫૧ વાળી આવેલ છે. આ જમીન પૈકી રે.સ.નં. ૩૧ વાળી જમીન કે જેનો જૂનો રે.સ.નં. ૪૦૨ નો છે જેનુ રી–સર્વે પહેલાનું ક્ષેત્રફળ હે.૦.૭૪.૮૭નું હતુ અને રી. સર્વે બાદ હાલનું ક્ષેત્રફળ ૦.૭૩.૮૪ નું છે. આ જમીન રેવન્યું રેકર્ડે આ કામના વાદીઓના નામે ચાલે છે. જેના ચાર દિશાના ખુંટ નીચે મુજબ છે.

પૂર્વ : રે.સ.નં. ૫૦ વાળી જમીનની હદવારે
પશ્વિમ : વાંસીયા સરકારી દવાખાને જતાં પાકા રસ્તાની હદવારે
ઉત્તર : પ્ર.વાદીઓની રે.સ.નં. ૩૨ વાળી જમીનની હદવારે
દક્ષિણ : સંજેલીથી ઝાલોદ જતાં પાકા રસ્તાની હદવારે

(૧.૨) સદર દાવાવાળી જમીન વાદીના પૂર્વજ લાલજીભાઈ લીંબાભાઈનાઓએ વસાવેલ જેની નોધ નં. ૧૯ થી રેવન્યું રેકર્ડે નોધ થયેલ છે જેઓ ગુજરી જતાં તેમના સીધી લીટીના વારસદાર તરીકે આ કામના વાદીઓની વારસાઈ નોધ નં. ૨૨૪ થી થયેલ છે. આ જમીનના રેવન્યુ રેકર્ડે દીતુડીબેન તે લાલજીભાઈની વિધવા અને ચતુરીબેન કડકીયાભાઈના નામો ચાલે છે. પરંતુ તેઓ બંને ગુજરી ગયેલ છે. સદરહું દાવાવાળી જમીનના આ કામના વાદીઓ વારસાઈ હકકે માલીકી અને કબજેદાર બનેલ છીએ. આ પ્ર.વાદીઓનો દાવાવાળી જમીનમાં કોઈ પણ જાતનો લાગભાગ કે હકક હીસ્સો આવેલ નથી પરંતુ આ દાવાવાળી જમીનની ઉત્તરે આવેલ રે.સ.નં. ૩૨ ક્ષેત્રફળ હેકટર ૦.૩૩.૦૨ વાળી જમીન પ્ર.વાદીઓના નામે રેવન્યું રેકર્ડે ચાલે છે જે જમીન પર મૂળ વાદીના પિતાની આવેલ હતી. જેનો જૂનો રે.સ.નં. ૪૦૨ ના કુલ ક્ષેત્રફળમાંથી આ જમીનનો હીસ્સો અલગ કરી પ્ર.વાદીઓના પૂર્વજોએ હોશિયારી પૂર્વક કોઈ પણ જાતના લખાણ કે દસ્તાવેજ બદલ વેચાણ હકકે પોતાના નામે ચઢાવી દીધેલ છે. જે બાદ હાલમાં વારસાઈ હકકે આ પ્ર.વાદીઓના નામે રે.સ.નં. ૩૨ વાળી જમીનમાં ચાલી રહેલ છે. જેનો લાભ લઈ આ પ્ર.વાદીઓ ધ્વારા દાવાવાળી જમીનની ઉત્તર પશ્ચિમ દિશામાં આશરે ૧૮ મીટર જે પૂર્વ દિશામાં જતાં આશરે ૩૬ મીટર જેટલું ૧૦૦ મીટર જેટલુ લંબાઈનું દબાણ ગે.કા. રીતે પ્ર.વાદીઓ ધ્વારા કરવામાં આવેલ છે. આ કામના વાદીઓ ધ્વારા તા.૦૮/૦૭/૨૦૨૧ ના રોજ ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ)૨૦૨૦ હેઠળ મહે. કલેકટરશ્રી દાહોદનાઓને અરજી આપેલ. જે અરજી સંબંધે તપાસ કાર્યવાહી થતાં મહે. કલેકટરશ્રીનાઓ ધ્વારા તા.૦૭/૦૩/૨૦૨૨ ના રોજ રે.સ.નં. ૩૧ અને ૩૨ ની માપણી થયા બાદ જમીન પર દબાણ થયેલ છે કે કેમ ? તે માપણી થયા બાદ જ સ્પષ્ટ થઈ શકે તેમ હોઈ સદરહું પ્રકરણ દફતરે કરવાનો નિર્ણય લેવામાં આવેલ જે બાદ પ્ર.વાદીઓ ધ્વારા આ કામનાને દાવાવાળી જમીનમાં ખેતી કરતા અટકાયત કરતાં સંજેલી પો.સ્ટે.માં ફરીયાદ આપતાં સંજેલી પો.ટે.માં બંને પક્ષકારો તેમજ ગામના આગેવાનોએ ભેગા થઈ તકરારના કાયમી નિકાલ માટે રે.સ.નં. ૩૧,૩૨ ની સંયુકત માપણી ફી ભરવા જણાવતાં પ્ર.વાદીઓ ધ્વારા માપણી ફી ભરવા માટે પોલીસ અને પંચો રુબરુ લેખિતમાં સંમતી આપ્યા બાદ પાછળથી માપણી ફી ભરવાનો ઈન્કાર કરી દીધેલ જેથી પક્ષકારો વચ્ચેની તકરાર ચાલુ રહેલ.

(૧.૩) હાલમાં ખેતીની સીઝન નજીક આવતાં આ કામના વાદીઓ દ્વારા દાવાવાળી જમીનમાં સફાઈ કામ કરતા હતા તે દરમીયાન તા.૧૯/૦૬/૨૨ ના રોજ પ્ર.વાદીઓ દ્વારા *આ જમીન અમારી છે તમે અહી કેમ આવ્યા છો* તેમ ધમકીઓ આપેલ જેથી આ કામના વાદીએ પ્ર.વાદીઓને *જમીન અમારી છે તમે માપણી ફી કેમ ભરતા નથી* તેમ જણાવી માપણી ફી ભરવાનું કહેતા આ પ્ર.વાદીઓ ઉશ્કેરાઈ જઈ *તુ અમોને ફી ભરવાનું કહેવાવાળો કોણ આ કામના માપણી ફી ભરવાના નથી કે જમીન ની કબજો છોડવાના નથી તેમ જણાવી હવે પછી અહી આવ્યા તો જીવતા નહી છોડીએ* તેવી ધમકીઓ આપેલ.

(૧.૪) આ પ્ર.વાદીઓ માથાભારે જૂથવાળા જનૂની માણસો છે અને તેઓ પોતાના જૂથના જોરે આ કામના વાદીઓની માલીકીની દાવાવાળી જમીનની ઉત્તર પશ્ચિમ દિશામાં ૧૮ મીટર જે પૂર્વ દિશામાં જતાં ૩૬ મીટર જેટલું ૧૦૦ મીટર લંબાઈનું બળજબરીપૂર્વક દબાણ કરેલ છે અને પશ્ચિમના ભાગે ના કહેવા છતાં દાદાગીરી કરી પાકી દુકાન અને પાછળના ભાગે મકાનનું માળખુ બનાવી દીધેલ છે. દાવાવાળી જમીન અને બાકીની ખુલ્લી જમીનમાં આ કામના વાદીઓ ખેતી કરવા જઈએ તો આ કામનાને ધાકધમકી આપી ખેતી કરતા રોકટોક કરતા હોઈ અને આમ કરીને પ્ર.વાદીઓ દ્વારા અમારા કાયદેસરના હકકને નુકસાન પહોચાડેલ હોઈ પ્ર.વાદીઓ વિરુધ્ધ હાલનો આ દાવલ જાહેરાત જાથુના મનાઈ હુકમ તથા દબાણ દુર કરવાની દાદ માટે દાખલ કરાવેલ છે.

(૧.૫) આ કામના વાદીઓનોપ્રથમદર્શનીય કેસ છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ આ કામના વાદીઓના લાભમાં છે આ કામના વાદીઓના લાભમાં હુકમનામું થવાની પૂરેપુરી શકયતા છે જો આ કામના વાદીઓને માંગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો આ કામના વાદીઓને નાણાં પણ ન ભરપાઈ થાય તેવુ મોટુ નુકસાન થવાની પૂરેપૂરી શકયતા છે અને અમારી કિંમતી જમીન લૂટવાઈ જાય તેમ છે જયારે આ કામના વાદીઓના લાભમાં મનાઈ હુકમ આપવામાં આવે તો પ્ર.વાદીઓને કોઈ નુકસાન થાય તેમ નથી. તેમજ નવા નવા લીટીગેશનો ઉભા થતા અટકે તેમ છે. જેથી પ્ર.વાદીઓના આ ગે.કા. કૃત્યને અટકાવવા તાત્કાલિક આ મનાઈ અરજી આપવાની જરુર ઉભી થયેલ છે. એવી હકીકતો આધારે વાદીએ હાલની અરજી દવારા નીચે મુજબની દાદ માંગેલ છે:-

***(એ)*** *આ કામના પ્ર.વાદીઓ જાતે કે નોકરો , એજન્ટો મળતીયાઓ કે કોઈ પણ મોજે ચાકીસણા તા.સંજેલીમાં આવેલ ખાતા નં. ૧૩૪ ની રે.સ.નં. ૩૧ વાળી દાવાવાળી અરજીના*

*પેરા ૧ માં દર્શવેલ ખુંટવર્ણન વાળી જમીનનો કબજો ભોગવટો અમો વાદીઓ પાસેથી લેવડાવે નહી કે કોઈ પણ જાતનું કાચુ કે પાકુ બાંધકામ કરે કરાવે નહી કે અમો વાદીઓને ખેતી કામ કરી પાક ઉપજ લેતા કોઈ હેલો હરકત અંતરાય અટકાવ કરે કરાવે નહી તેવો પ્ર.વાદીઓ વિરુધ્ધ આ દાવો ચાલતા સમયુ સુધીનો વચગાળાનો મનાઈ હુકમ ફરમાવશોજી.*
***(બી)*** *આપ નામદાર કોર્ટને બીજી યોગ્ય અને વાજબી લાગે તેવી દાદ અમો વાદીના લાભમાં આપશોજી.*
***(સી)*** *આ અરજીનું ખર્ચ પ્ર.વાદીઓથી વસૂલ અપાવશોજી.*

(૨) વાદીઓ તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| **નિશાની** | **દસ્તાવેજી પુરાવાની વિગત** |
|---|---|
| ૩/૧ | ગામ નમુના નં. ૮ – અ ની ખાતા નં. ૧૩૪ ની ખરી નકલ |
| ૩/૨ | ગામ નમુના નં. ૭– ની રે.સ.નં. ૩૧ ની ખરી નકલ |
| ૩/૩ | હકક પત્રકની નોઘ નં. ૧૯ ની સ્કેન કોપી ખરી નકલ |
| ૩/૪ | હકક પત્રકની નોઘ નં. ૨૨૪ ની સ્કૈન કોપી ખરી નકલ |
| ૩/૫ | ગામ નમુના નં. ૭ ની રે.સ.નં.૩૨ ની નકલ |
| ૩/૬ | વાદી ઘ્વારા લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ કરેલ અરજીની નકલ |
| ૩/૭ | લેન્ડ ગ્રેબીંગની અરજીની ઓનલાઈન ફી ભરેલ તેની પહોચની નકલ |
| ૩/૮ | લેન્ડ ગ્રેબીંગની અરજી સંબંધે કલેકટર કચેરીમાંથી મળેલ લેખિત જવાબની નકલ |
| ૩/૯ | વાદી નં. ૧ ની બી.પી.એલ. દાખલો |
| ૩/૧૦ | વાદી નં. ૨ ની બી.પી.એલ. દાખલો |
| ૩/૧૧ | વાદી નં. ૩ ની બી.પી.એલ. દાખલો |
| ૩/૧૨ | વાદી નં. ૪ ની બી.પી.એલ. દાખલો |
| ૩/૧૩ | વાદી નં. ૫ ની બી.પી.એલ. દાખલો |

(૩) પ્રસ્તુત અરજીના અનુસંધાને પ્રતિવાદીઓને દાવાનો સમન્સ તથા અરજીની નોટીસ બજતાં તેઓ તેમના વકીલશ્રી મારફતે કોર્ટમાં હાજર થયેલ છે અને પ્ર.વાદીઓ તરફે આંક–૧૩ થી વાદીઓના દાવાનો લેખિત જવાબ રજુ કરી વાદીઓની દાવા તથા હંગામી મનાઈ હુકમની અરજીની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વિશેષમા એવી હકીકત જણાવેલ છે કે,

(૩.૧) વાદીએ પ્રતિવાદી સામે દાખલ કરેલી દાવા અને મનાઈ અરજી બંને ખોટા છે અને વાદી ધ્વારા બદ આશયથી આ દાવો અને મનાઈ અરજી અમારી સામે ખોટી હકીકતો ઉપજાવી કાઢી તેવો ધ્વારા અમારા કબજા ભોગવટાના પચાવી પાડવાના મેલા ઈરાદે દાખલ કરવામા આવી છે જે ચાલવા પાત્ર ન હોઈ રદ કરશોજી. દાવાવાળી જમીનની ઉત્તર પશ્ચિમની દિશામાં ૧૮ મીટર જે પૂર્વ દિશામાં જતાં આશરે ૩૬ મીટર જેટલું ૧૦૦ મીટર પ્રતિવાદી એ કરેલ હોવાની હકીકતો તદ્દન ખોટી અને ઉપજાવી કાઢેલ છે અને સદર દબાણ બાબતેવાદીઓ ધ્વારા તા.૦૭/૦૩/૨૨ ના રોજ ખોટી ફરીયાદ કરવામાં આવતાં તેઓની ફરીયાદ કલેકટર સાહેબ ધ્વારા હકીકતની ચકાસણી કર્યા બાદ દફતરે કરવામાં આવી છે અને પ્રતિવાદી સામે સંજેલી પો.સ્ટે.માં પણ વાદીઓ ધ્વારા ખોટી હકીકતો જણાવી ખોટી ફરીયાદ કરેલી અને વાદી તેમાં નહી ફાવતાં તેઓએ આ ખોટો દાવો મનાઈ દાખલ કરવા માટે ખોટી હકીકતો ઉપજાવી કાઢી ખોટી ફરીયાદ દાખલ કરી છે.

(૩.૨) વાદીઓને દાવાવાળી જમીનની નજીક પ્રતિવાદીની રે.સ.નં.૩૨ વાળી જમીન તેમની અડોઅડ આવેલ છે અને તે જમીનને અડીને પ્રતિવાદીના રહેણાંક મકાનો તથા દુકાન વર્ષોવર્ષથી આવેલા છે. અને વાદીઓએ પ્રતિવાદી નો ૭૦ વર્ષથી ચાલતો આવતો કબજો પચાવી પાડવા હાલનો આ ખોટો દાવો-મનાઈ અરજી દાખલ કરેલ છે. જે કાયદાની જોગવાઈઓ મુજબ કાયદેસર રીતે ચાલવા પાત્ર ન હોઈ વાદીનો દાવા મનાઈ અરજી રદ કરશોજી.

(૩.૩) વધુમા, પ્ર.વાદીઓના બાપ દાદા વખતથી રે.સ.નં. ૩૨ વાળી જમીનમાં પ્ર.વાદીઓના બાપ દાદા વખતથી સ્થળે પ્રત્યક્ષ કબજો ભોગવટો આવેલ છે અને તે પ્રતિવાદીના કબજા ભોગવટાના જમીનમાં ૫૦ વર્ષથી બે કાચા મકાનો આવેલા હતા. અને એક કાચી દુકાન આવેલી હતી જે કાચી દુકાન સને ૨૦૦૩ માં પ્રતિવાદી એ પાકી દુકાન બનાવેલ છે તેમજ સદર કબજા ભોગવટાની જમીનમાં બે પાકા ધાબાવાળા મકાનો પ્રતિવાદી એ સને ૨૦૦૬ના વર્ષમાં બનાવેલ છે અને દુકાનના ભાગમાં વરંડો બનાવેલ છે. તે જમીન સતત એકધારા કબજા ભોગવટામાં સને ૧૯૫૦ ના વર્ષથી એટલે કે છેલ્લા ૭૨ વર્ષથી સતત પ્રતિવાદીના ભોગવટામાં ચાલતી આવેલ છે. અને તેમાં આવેલા મકાનોમાં પ્રતિવાદી વસવાટ કરીએ છીએ અને દુકાનમાં વેપાર કરીએ છીએ તથા પ્રતિવાદી કબજાની જમીનમાં ખેતી કરીને ગુજરાન ચલાવીએ છીએ અને આ અંગે વાદી કે વાદીના પૂર્વજોએ

હાલનો દાવો કર્યો તે અગાઉ પ્રતિવાદી સામે સદરહું કબજા ભોગવટા બાબતે કોઈ જાતની તકરાર કોઈ પણ જગ્યાએ ઉઠાવેલ નથી અને પ્રતિવાદીના કબજા ભોગવટાની જમીન પૂરી થયા બાદ વાદીના મકાન અને તેમના કબજા ભોગવટાની જમીનમાં શેઢા વાળી આવેલ છે અને આ હકીકતો છૂપાવી વાદીએ હાલની આ અરજી કરેલ છે. અને સ્થળ સ્થિતિની હકીકત છૂપાવેલ છે અને પ્રતિવાદીના કાયદેસરના કબજા ભોગવટાની જમીન ખોટી રીતે પચાવી પાડવાના આશયથી લેન્ડ ગ્રેબીગ્સની ફરીયાદ તદૃન ખોટા આક્ષેપો મુકીને કરેલ હતી જેમાં વાદી નહી ફાવતા તેઓએ પ્રતિવાદી ને દબાણમાં લાવી કબજો ભોગવટો છીનવી લેવા માટે તદૃન મનગડત અને ખોટી હકીકતો ઉપજાવી કાઢી આ દાવો મનાઈ અરજી કરેલ છે. જે સમયમર્યાદા બહારનો હોઈ કાયદેસર ચાલી શકે તેમ નથી. તેથી વાદીએ તેમની દાવા મનાઈ અરજીના પેરા – ૨ માં મોઘમ રીતે પક્ષ નિવેદન કરેલ છે કે આ પ્ર.વાદીઓના નામે રે.સ.નં. ૩૨ વાળી જમીન ચાલી રહેલ છે જે તેનો ગેરલાભ લઈ આ પ્ર.વાદીઓ ધ્વારા દાવાવાળી જમીનમાં ઉત્તર પશ્ચિમની દિશામાં આશરે ૧૮ મીટર જે પૂર્વ દિશામાં જતાં ૩૬ મીટર જેટલી ૧૦૦ મીટર જેટલી લંબાઈ દબાણ ગે.કા. રીતે પ્ર.વાદીઓ ધ્વારા કરવામાં આવેલ છે સદર પક્ષ નિવેદન જોતાં વાદીએ તેમના દાવા મનાઈ અરજીમાં કેહવાતુ દબાણ પ્ર.વાદી ધ્વારા ચોકકસ કયારે કેવી રીતે કરવામાં આવ્યુ તેવુ સ્પષ્ટ રીતે જણાવેલ નથી તેનો કોઈ આધાર પુરાવો રજુ કરેલ નથી. જેથી વાદીની દાવા મનાઈ અરજીને સમયમર્યાદા કાયદાની જોગવાઈઓનો સ્પષ્ટ બાધ નડે છે.

(૩.૪) ઉપરોકત હકીકતો મુજબ વાદી તેમની દાવા અરજીના પેરા ૭ તથા મનાઈ અરજની પેરા ૬ માં માંગ્યા મુજબની કોઈ પણ જાતની દાદ કાયદેસર રીતે મેળવવા હકકદાર ન હોય વાદીનો દાવો તથા મનાઈ અરજી બંને ખર્ચ સહીત રદ કરી પ્રતિવાદી ને ખર્ચ તથા ખાસ વળતર વાદી પાસેથી અપાવવા હુકમ કરશોજી.

(૪) પ્રસ્તુત મનાઈહુકમની અરજી સંદર્ભે વાદીઓ તથા પ્રતિવાદીઓ તરફે વિધ્વાન વકીલશ્રીઓની લેખિત/મૌખિક રજુઆતો ધ્યાનપુર્વક સાંભળવામાં આવેલ છે. જે મુદ્દાઓની ચર્ચા સાથે સાંકળી લીધેલ છે અને રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ વગેરે ધ્યાને લેતાં આંક–૫ ની કામચલાઉ મનાઈ અરજીનો ન્યાય–નિર્ણય કરવા માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવેલા છે.

(૫) વચગાળાના મનાઈ હુકમ ની અરજીનો નિર્ણય કરતી વખતે કઈ–કઈ બાબતો અને મુદ્દાઓ ધ્યાને લેવા તે અંગેના સિદ્ધાંત સુસ્થાપિત થયેલ છે. નામદાર સુપ્રીમ કોર્ટ ના અનેક ચૂકાદાઓથી એ ઠરાવેલ છે કે વાદીએ વચગાળા નો મનાઈ હુકમ મેળવવા માટે આવશ્યક ત્રણેય મુદ્દાઓ પોતાની તરફેણમાં હોવાનું રેકર્ડ પર દર્શાવવું પડે કે વાદી પ્રથમ દર્શનીય કેસ ધરાવે છે તેમજ સગવડતા–અગવડ ની સમતુલા પણ વાદીની તરફેણમાં છે અને જો મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદી ને નાણામાં ન નિવારી શકાય એવું નુકશાન થવા સંભવ છે. જો વાદી આવા મુદ્દાઓ સાબિત કરવામાં નિષ્ફળ જાય તો વાદી મનાઈ હુકમ ની દાદ મેળવવા હક્કદાર બને નહીં. ઉપરાંત જો વાદી તમામ મુદ્દાઓ પોતાની તરફેણમાં દર્શાવે તો પણ મનાઈ હુકમ ની રાહત આપવી કે ન આપવી તે અદાલત ની વિવેક બુદ્ધિની સત્તા પર આધારિત રહે છે. વિવેક બુદ્ધિ ની સત્તાનો ઉપયોગ પણ ન્યાયિક અને વાજબી કારણોના આધારે અને યોગ્ય કિસ્સામાં આવી સત્તાઓ ઉપયોગ થવો જોઈએ એવો સિદ્ધાંત પણ પ્રસ્થાપિત છે.

(૬) હાથ પરના કેસમાં રજૂ થયેલ પક્ષ નિવેદન તેમજ દસ્તાવેજો તથા દલીલો ધ્યાનપૂર્વક વંચાણે લેવામાં આવે તો વાદી દ્વારા રજૂ થયેલ દસ્તાવેજ પુરાવામાં માર્ક–૩/૧ વાળા ગામ નમૂના નંબર ૮–અ તેમજ માર્ક–૩/૨ વાળા ના નમૂના નંબર–૭ તેમજ માર્ક–૩/૩ વાળા નમૂના નંબર–૬ મુજબ મોજે ચાકીસણા ના ખાતા નંબર–૧૩૪ માં સમાવિષ્ટ રેવન્યુ સર્વે નંબર–૨૭,૩૧,૪૯,૫૦,૫૧ વાળી જમીન વાદીઓના સંયુક્ત નામે ચાલતી હોવાનું જણાઈ આવે છે. તેમજ વાદી એ લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ફરિયાદ કરેલ હોવાનું માર્ક–૩/૬ થી જણાઈ આવે છે. ઉપરાંત માર્ક–૩/૭ થી વાદી–પુંજાભાઈ લાલજીભાઈ એ ઓનલાઈન ફી ભરેલ હોવાનું જણાઈ આવે છે. તેમજ માર્ક–૩/૮ થી સભ્ય સચિવ અને નિવાસી અધિક કલેક્ટર શ્રી દાહોદ એ સ.ન. ૩૧ અને ૩૧ ની માપણી થયા બાદ સ્પષ્ટતા થઈ શકે તેમ હોવાનું ઠરાવી અને વાદી ની ફરિયાદ દફતરે કરેલ હોવાનું પણ રેકર્ડ પણ જણાઈ આવે છે. આમ આ કામના પક્ષકારો પાસે રહેલ સર્વે નંબર–૩૧ અને ૩૨ ની માલિકી અંગે કોઈ પણ તકરાર હોવાનું પક્ષકારોના પક્ષનિવેદન પર થી જણાઈ આવતું નથી. આમ પ્રસ્તુત દાવામાં રહેલ મહત્ત્વની તકરાર જોવામાં આવે તો પ્રતિવાદી દ્વારા વાદી ની જમીનમાં પૂર્વ દિશામાં આશરે ૩૬ મીટર જેટલું ૧૦૦ મીટર નું દબાણ કરેલ હોવાના

આક્ષેપો વાદી દ્વારા કરવામાં આવેલ છે. જેનું નિરાકરણ માત્ર દાવા ના આખરી નિકાલ થી જ થઈ શકે એવું મારુ માનવું છે. પરંતુ હાલના દાવા નો આખરી નિકાલ થતાં સમય લાગે તેમ હોય અને તે દરમિયાન જો કોઈ પણ પક્ષકાર દાવાવાળી જમીન ની સ્થિતિ માં ફેરફાર કરે તો પ્રસ્તુત દાવા ઉપરાંત પણ અન્ય તકરાર અને લિટિગેશન ઉત્પન્ન થવાની પૂરી શક્યતા રહેલ છે.

(૭) વધુમાં આ તબક્કે એવી હકીકત ની નોંધ લઈ શકાય તેમ છે કે વાદી દ્વારા રજૂ કરવામાં આવેલ આંક–૧૬ અને ૨૯ વાળી અરજી પર થયેલ હુકમ અનુસાર દાવાવાળી જમીન ની સ્થળ સ્થિતિ રેકર્ડ પર લાવવા માટે કોર્ટ કમિશનર તરીકે ડી.આઈ.એલ.આર. દાહોદ ને નીમવામાં આવેલ અને તેઓએ બંને પક્ષકારો અને સ્વતંત્ર પંચો ની હાજરીમાં દાવાવાળી જમીન ના સ્થળ પર રૂબરૂ જઈને તેની ધોરણસર માપણી કરેલ છે જે અંગે નો રિપોર્ટ/નક્શો આ કામે માર્ક–૨૬/૩ થી રજૂ થયેલ છે જે લક્ષમાં લેવામાં આવે તો સર્વે નંબર–૩૧ વાળી જમીન માં સર્વે નંબર–૩૨ દ્વારા દબાણ કરવામાં આવેલ છે જેનું ક્ષેત્રફલ ૦–૧૬–૦૭ હે.આરે.પ્રતિ. જેટલું થતું હોવાનું ફલિત થાય છે. આ ઉપરાંત પ્રતિવાદી તરફે રજૂ થયેલ આંક–૩૨ વાળી અરજી પર થયેલ હુકમ અનુસાર કોર્ટ કમિશનર દ્વારા દાવાવાળી જમીન નું સ્થળ–સ્થિતિ અંગેનું પંચનામું કરવામાં આવેલ છે જે આ કામે માર્ક–૩૯/૩ થી રજૂ થયેલ છે. આમ આ કામે દાવાવાળી જમીન પર રહેલ સ્થળ–સ્થિતિ તેમજ તેની માપણી નો રિપોર્ટ અદાલત સમક્ષ રજૂ થયેલ હોય જે ધ્યાને લેતા પ્રથમ દર્શનીય રીતે દબાણ હોવાનું જણાઈ આવે છે. પરંતુ દાવા ની ટ્રાયલ માં બંને પક્ષ તરફ થી પુરાવાઓ રજૂ કરવાના બાકી છે. એવા સંજોગોમાં રેકર્ડ પર દાવાવાળી જમીન ની સ્થળ સ્થિતિ ઉપલબ્ધ હોય તેમાં કોઈ ફેરફાર કે નુકશાન ન થાય તે લક્ષમાં રાખી દાવાના આખરી નિકાલ સુધી યથાવત પરિસ્થિતી જાળવી રાખવામા આવે તો ન્યાયનો હેતુ જળવાશે એવું મારુ નમ્રપણે માનવું છે.

(૮) આમ ઉપરોક્ત સમગ્ર ચર્ચા ને અંતે દાવાવાળી જમીન ની રેકર્ડ પર ની પરિસ્થિતી જાળવી રાખવાથી બંને પક્ષના અધિકારો નું પણ રક્ષણ થશે અને ન્યાયનું હિત જળવાશે એવું માની પ્રસ્તુત અરજી પરત્વે નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે:

**–: હુકમ :–**

૧. વાદીની પ્રસ્તુત આંક–૫ વાળી અરજી આથી અંશત: મંજૂર કરવામાં આવે છે.

૨. દાવાના પક્ષકારોને આથી એવો હુકમ કરવામાં આવે છે કે દાવાના આખરી ન્યાયિક નિર્ણય સુધી તેઓએ દાવાવાળી જમીન ની યથાવત પરિસ્થિતી જાળવી રાખવી અને તેમાં કોઈ પણ પ્રકાર નો ફેરફાર કરવો નહીં.

૩. હાલ ની અરજી નું ખર્ચ દાવાના આખરી પરિણામે ને અનુસરશે.

*હુકમ આજરોજ તારીખ ૧૮ મી ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ જાહેર કર્યો.*

**સંજેલી**
**તા. ૧૮/૦૮/૨૦૨૫.**

**(ડૉ. તુષાર રણછોડભાઈ ઘોણીયા)**
પ્રિન્સીપાલ સીવીલ જજ,
સંજેલી
કોડ નં. જીજે૦૧૫૬૧